# હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આરંભ

## કોંગ્રેસના ચાર ધારાસભ્યો સહિત સેંકડો પાટીદારો જોડાયા : હાર્દિકના નિવાસસ્થાનની ફરતે પોલીસ અને સુરક્ષાનું અભેદ્ય લોખંડી સુરક્ષા કવચ : હાર્દિકના ઉપવાસને કોંગ્રેસનું સમર્થન : કલમ ૧૪૪ અમલી રખાઈ

અમદાવાદ,તા.૨૫

પાટીદારોને અનામત અને ખેડૂતોને દેવામાફીની માંગણી સાથે આજથી ભારે ઉત્તેજનાભર્યા અને અજંપાભર્યા માહોલ વચ્ચે પાટીદાર યુવા નેતા અને પાસના કન્વીનર હાર્દિક પટેલના ઉપવાસ આંદોલનનો તેના છત્રપતિ









નિવાસ નામના નિવાસસ્થાને પ્રારંભ થયો હતો. વહેલી સવારથી જ સમગ્ર પાટીદાર સમાજમાં હાર્દિકના ઉપવાસને લઈ ભારે ઉત્સાહ અને સમર્થનનો માહોલ સર્જાયો હતો. જો કે, સરકાર અને પોલીસ તંત્રએ કોઈપણ ભોગે હાર્દિકના ઉપવાસ આંદોલનને તોડી પાડવાના ભાગરૂપે કલમ-૧૪૪ લાગુ કરી દઈ પાટીદારોને ઉપવાસ આંદોલન સ્થળે જતાં અટકાવાયા હતા. જો કે, તેમછતાં કોંગ્રેસના ચાર ધારાસભ્યો અને અન્ય ૧૦૦ જેટલા પાટીદારો હાર્દિકના ઉપવાસ સ્થળ સુધી છૂટાછવાયા પહોંચવામાં સફળ થયા હતા અને હાર્દિકની સાથે ઉપવાસ આંદોલનમાં જોડાઈ તેને સમર્થન આપ્યું હતું. કોંગ્રેસના ધારાસભ્યોએ હાર્દિકના ઉપવાસ આંદોલનને ખુલ્લુ અને જાહેર સમર્થન આપતાં રાજકારણ ગરમાયું હતું. તો, હાર્દિકના ઉપવાસમાં અપક્ષ ધારાસભ્ય અને દલિત યુવા નેતા જિજ્ઞેશ મેવાણી પણ જોડાયા હતા. રાજયભરમાંથી હાર્દિકની સાથે ઉપવાસ આંદોલનમાં જોડાવા અને તેના સમર્થનમાં આવી રહેલા આશરે ૧૬ હજારથી વધુ પાટીદારોની આજે જિલ્લા-તાલુકા કક્ષાએ પોલીસ તંત્ર દ્વારા અટકાયત કરવામાં આવતાં પાટીદાર સમાજમાં તેના ઉગ્ર અને ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. આજે બપોરે ત્રણ વાગ્યાથી સત્તાવાર રીતે શરૂ કરાયેલા હાર્દિકના ઉપવાસ આંદોલનમાં આમ તો, એકંદરે પાટીદારોની પાંખી અને છૂટીછવાઈ હાજરી વર્તાતી હતી કારણ કે, પોલીસે પહેલેથી જ કલમ-૧૪૪ લાગુ કરી દીધી હોઈ પાટીદારો મુકત રીતે ઉપવાસ સ્થળ સુધી પહોંચી શકયા ન હતા. તેમછતાં કેટલાક મક્કમ આગેવાનો છૂટીછવાઈ રીતે યેનકેન પ્રકારે હાર્દિકના નિવાસસ્થાને પહોંચવામાં સફળ રહ્યા હતા. તો, કોંગ્રેસના ચાર ધારાસભ્યો પણ હાર્દિકની સાથે જોડાવામાં સફળ રહ્યા હતા. હાર્દિકના ઉપવાસ સ્થળે જઈ રહેલા પાસના અગ્રણી દિનેશ બાંભણિયાની પોલીસે વૈષ્ણોદેવી પાસે જ અટકાયત કરી લીધી હતી. જેને લઈ પાટીદારોમાં ઉગ્ર રોષ પ્રવર્તયો હતો. આ જ પ્રકારે હાર્દિકના ઉપવાસમાં જોડાવવા માટે મહેસાણા સહિત ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી અમદાવાદ આવતા પાસ આગેવાન અને પાટીદારોની પોલીસે બહુ પ્લાનીંગ સાથે અટકાયત કરવાનું શરૂ કર્યુ હતું. મહેસાણામાં સુરેશ ઠાકરે અને સતિષ પટેલ સહિતના પાટીદારોની અટકાયત કરાઈ હતી તો, બનાસકાંઠામાં ૧૯ પાટીદાર યુવાનોને પાલનપુરથી અટકાયત કરી લેવાઈ હતી. આ જ પ્રકારે પંચમહાલમાં પાસ કન્વીનર નીરજ પટેલની કાલોલથી અટકાયત કરાઈ હતી અને સુરતના પાસ કન્વીનર નિલેશ કુંભાણીની પણ અટકાયત થઈ હતી. રાજયભરમાંથી હાર્દિકની સાથે ઉપવાસ આંદોલનમાં જોડાવા અને તેના સમર્થનમાં આવી રહેલા આશરે ૧૬ હજારથી વધુ પાટીદારોની આજે જિલ્લા-તાલુકા કક્ષાએ પોલીસ તંત્ર દ્વારા અટકાયત કરવામાં આવતાં પાટીદાર સમાજમાં તેના ઉગ્ર અને ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. દરમ્યાન કોંગ્રેસના ધારાસભ્યો લલિત વસોયા, લલિત કગથરા અને કિરીટ પટેલ પણ હાર્દિકના નિવાસે સમર્થન માટે પહોંચી ગયા હતા. ગ્રીનવુડ રિસોર્ટમાં આવેલા હાર્દિકના નિવાસે જતાં પાટીદાર સમર્થકોને પોલીસ ગેટ બહાર ડોક્યુમેન્ટની ચકાસણી કરતી હતી અને તેમનું નામ નોંધીને અંદર પ્રવેશ આપતી હતી. સરકાર અને પોલીસ તંત્રના ઉપવાસ આંદોલન તોડવાના હીન પ્રયાસને હાર્દિકે આકરા શબ્દોમાં વખોડી કાઢયો હતો અને સરકાર અને તંત્ર પર પ્રહારો કરી ગંભીર આરોપ લગાવ્યા હતા. એટલું જ નહી, રાજયભરમાં પાટીદારો સહિત અન્ય સમાજના લોકોને પણ ન્યાયની આ લડાઈમાં જિલ્લા-તાલુકા કક્ષાએ ઉપવાસ આંદોલન પર ઉતરવાની જાહેર અપીલ કરી હતી. હાર્દિકના ઉપવાસ આંદોલનને લઈ સરકાર અને પોલીસ તંત્ર દ્વારા અમદાવાદ, મહેસાણા, વિસનગર, વિજાપુર, સુરત સહિતના સંવેદનશીલ સ્થળો અને અન્ય વિસ્તારોમાં સ્થાનિક પોલીસ, એસઆરપી સહિતની સુરક્ષા જવાનોની ફૌજ ખડકી દીધી હતી અને લોખંડી સુરક્ષા વ્યવસ્થા તૈનાત કર્યું હતું. તા.૫ સપ્ટેમ્બર - કપડવંજ , વીરપુર , બાલાસિનોર , કઠલાલ , ખેડા , માતર , નડિયાદ , ઠાસરા , સોજીત્રા , ઉમરેઠ , આણંદ , પેટલાદ , ખંભાત , બોરસદ અને રાજપીપળાના પાટીદારો ઉપસ્થિત રહેશે.

## મેઘરજના પાદર મહુડી ગામેથી આઠ શકુની ઝડપાયા

મેઘરજ, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના અંતરીયાળ વિસ્તારનો મેઘરજ તાલુકો દારૂ, લુંટફાટ, ખુન જેવી અનેક બાબતોમાં હંમેશા ચર્ચામાં રહ્યો છે ત્યારે બકરી ઈદના બીજા દિવસે એટલેકે ગુરૂવારના રોજ ઈસરી પોલીસે મેઘરજના પાદર મહુડી ગામના રહેણાક મકાનમાંથી ઈસરી પોલીસે જુગાર રમતા આઠ શકુનિઓને રૂ.૫,૩૩,૯૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતા અન્ય શકુનીઓમાં પણ ફફડાટ ફેલાયો છે.

ઈસરી પોલીસ કર્મીઓએ બાતમીના આધારે પાદરમહુડી ગામે અશ્વિન કાંતી પંડવાળાના ઘરમાં રેઈડ કરતા આઠ જેટલા ઈસમો ગંજીપાનાથી હાર જીતનો દાવ રમતા પોલીસના હાથે રંગે હાથ ઝડપાયા હતા અને પોલીસે આઠ ઈસમોને ઘટના સ્થળેથી જ ઝડપી પાડ્યા હતા અને જેઓ પાસેથી રોકડ રકમ રૂ.૪૭૯૦૦ તથા અંગ જડતી દરમિયાન મોબાઈલ નંગ-૮ કિંમત રૂ.૬૦૦૦ તથા ઝાયલો ગાડી નં. જીજે.૦૯.એજી. ૯૯૭૭ની કિંમત રૂ. ૩૦૦૦૦૦ તથા ટાટા સુમો ગોલ્ડ ગાડી નં. જીજે. ૦૬. એટી. ૭૧૯૧ની કિંમત રૂ.૧, ૫૦, ૦૦૦ તથા મોટરસાયકલ નં. જીજે.૩૧. સી.૭૩૩૦ની કિંમત રૂ.૩૦,૦૦૦ મળી રૂ. ૫,૩૩,૯૦૦ના મુદ્દામાલ સાથે આઠ શકુની સલીમ હુસેન શેખ ઉ.વ.૪૨ રહે. ટીંટોઈ, તા. મોડાસા, જાકીર કરીમ ટીંટોઈયા રહે. ટીંટોઈ, ઈસ્માઈલ અહેમદ બાકરોલીયા રહે. ટીંટોઈ, અમૃત બચુ પટેલ રહે. ટીંટોઈ, જગદીશ જયંતિ પટેલ રહે. શણગાલ, તા. મેઘરજ, અનવર અહેમદ ટીંટોઈયા, રહે. ટીંટોઈ, મહેપાલ નહારસિંહ સિસોદીયા, રહે. ટીંટોઈ, અશ્વિન કાંતી પંડવાળા, રહે. પાદર મહુડી, તા. મેઘરજને ઈસરી પોલીસે ગંજીપાનાના જુગાર સાથે સ્થળ ઉપરથીજ ઝડપી પાડી જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી રાતોરાત જામીન ઉપર આઠે આરોપીઓને છોડી મુક્યા હતા.

### ગોદરી પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

ભિલોડા,તા.૨૫

ભિલોડા તાલુકાના મોટા કંથારીયા જુથની ગોદરી પ્રાથમીક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી યોજાઈ હતી.વિદ્યાર્થીનીઓ ધ્વારા વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તિલક કરી મોં મીઠું કરાવી રાખડી બાંધવામાં આવી હતી.ગોદરી પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓએ ભાઈ-બહેનના સ્નેહની ઝાંખી કરાવી હતી.ગોદરી પ્રાથમીક શાળા આચાર્ય હિતેન્દ્રકુમાર પટેલ,સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યા હતા.

## હાર્દિકની સભામાં જતા સાબરકાંઠાના ૬૬ કાર્યકરોની અટકાયત કરાઈ

હિંમતનગર, તા. ૨૫

પાટીદાર અનામત આંદોલનના ભાગરૂપે શનિવારે સાબરકાંઠાના વિવિધ સ્થળેથી અમદાવાદ ખાતે યોજાનાર હાર્દિક પટેલના ઉપવાસ આંદોલનમાં વહેલી સવારે ભાગ લેવા આવવા માંગતા ૬૬ કાર્યકરોની પોલીસે તરતજ અટકાયત કરી લીધી હતી. જોકે પાછળથી તેમને છોડી મુકવામાં આવ્યા હતા. સાવચેતીના ભાગરૂપે સાબરકાંઠામાંથી અમદાવાદ જતા રસ્તાઓ પર પોલીસે બેરીકેટ ગોઠવી દીધા હતા.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શનિવાર તા. ૨૫ ઓગષ્ટના રોજ પાટીદાર અનામત આંદોલન ચલાવતા હાર્દિક પટેલ અમદાવાદ ખાતે ઉપવાસ આંદોલનનો પ્રારંભ કરવાના હતા ત્યારે તે અગાઉ ખુદ હાર્દિક પટેલે સાબરકાંઠાના વિવિધ સ્થળે આવીને સાબરકાંઠા પાસના કાર્યકરો સાથે બેઠક યોજીને તા. ૨૫ ઓગષ્ટના રોજ અમદાવાદ આવવા માટે અપીલ કરી હતી.

દરમ્યાન શુક્રવારે સાબરકાંઠાના હિંમતનગર, ઈડર, વડાલી અને પ્રાંતિજ તાલુકાના ગામડાઓમાં હાર્દિકના ફોટાવાળા બેનરો લાગ્યા બાદ તરત જ પોલીસતંત્રએ સજાગતા દાખવીને શનિવારે વહેલી સવારથી હિંમતનગરના મોતીપુરા સર્કલ, સહકારીજીન ચાર રસ્તા, પ્રાંતિજ ત્રણ રસ્તા, ઈડર અને વડાલીથી હિંમતનગર થઈ અમદાવાદ જતા રસ્તાઓ પર બેરીકેટરૂપી આડશો મુકીને પોલીસવાન સાથે બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

દરમ્યાન શનિવારે વહેલી સવારે હિંમતનગર, ઈડર અને પ્રાંતિજ તાલુકાના ગામડાઓમાંથી અમદાવાદ જવા માંગતા કેટલાંક પાટીદાર યુવાનોની પોલીસે ઓળખના આધારે અટકાયતી પગલા લેવાનું શરૂ કરી દીધુ હતુ અને જિલ્લાના ૬૬ પાસના કાર્યકરોની અટકાયત કરી લીધા બાદ તેમને સ્થાનિક પોલીસ સ્ટેશનોમાં લાવાયા પછી અમુક સમય બાદ તેમને છોડી મુકવામાં આવ્યા હતા.

અમદાવાદ ખાતે હાર્દિકની સભામાં જવા માંગતા પાસના કાર્યકરોએ જય સરદાર જય પાટીદારના લખાણવાળી ટોપી માથે પહેરી હોવાને કારણે પોલીસને ઓળખ કરવામાં મુશ્કેલી પડી ન હતી. તે સિવાય જિલ્લામાં સાંજ સુધી કોઈ અનિચ્છનીય ઘટના ન બનતા પોલીસતંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

## હાર્દિકના ઉપવાસ સંદર્ભે સાબરકાંઠામાં બેનર લાગ્યા

હિંમતનગર, તા. ૨૫

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન વધુ એક તબક્કામાં આગળ વધી રહ્યુ છે ત્યારે અમદાવાદ ખાતે તા. ૨૫ ઓગષ્ટના રોજ હાર્દિક પટેલ ઉપવાસ આંદોલનનો પ્રારંભ કરનાર છે. ત્યારે સાબરકાંઠા પાસના કાર્યકરો શુક્રવારે સાબરકાંઠાના વિવિધ ગામડાઓમાં રહેતા પાટીદારોમાં વધુ જાગૃતિ લાવવાના આશયથી હાર્દિકના ફોટાવાળા બેનરો જાહેર સ્થળો પર લગાવી દેવાયા છે.

આ અંગે હિંમતનગર તાલુકાના પાસના કાર્યકરના જણાવાયા મુજબ અમદાવાદ ખાતે યોજાનાર હાર્દિકના ઉપવાસ આંદોલનમાં સાબરકાંઠાના વધુ પાટીદારો ભાગ લે અને આંદોલનમાં સુર પુરાવે તે આશયથી હિંમતનગર તાલુકાના હમીરગઢ સુરજપુરા, હડીયોલ, ગઠોડા સહીતના અન્ય ગામડાઓમાં આવેલ જાહેર સ્થળો પર બેનરો લગાવી દેવાયા છે.

વધુમાં મળતી માહિતી મુજબ સાબરકાંઠા પાસના વિવિધ તાલુકાના કાર્યકરોએ શુક્રવારે હિંમતનગર, પ્રાંતિજ, ઈડર અને વડાલી તાલુકાના મળી અંદાજે ૫૦થી વધુ ગામોમાં હાર્દિકના બેનર લાગી ચુક્યા છે ત્યારે સાબરકાંઠા જિલ્લાનું વહીવટીતંત્ર સજાગ જરૂર બની ગયુ હશે. પણ આ અંગે તંત્ર તરફથી કેવી કાર્યવાહી કરાશે તે અંગે હવે પછી ખબર પડશે.



**પ્રાંતિજ પોલીસ દ્વારા પાસના કન્વીનર તથા કાર્યકરોની અટકાયત**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ટોલનાકા પાસેથી હાર્દિક પટેલના આમરણ અનશન કાર્યક્રમમાં જતાં પ્રાંતિજના પાસના પાંચ કાર્યકરોની પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયત કરી. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે અમદાવાદ હાર્દિક પટેલના આમરણ ઉપવાસમાં ભાગ લેવા જઈ રહેલા પ્રાંતિજ તાલુકા પાસ કન્વિનર અનીલ પટેલ, નગરપાલિકા કોર્પોરેટર નિખિલ પટેલ, રાજેશ પટેલ, શુભમ પટેલ, મીલાપ પટેલ સહિતની સવારના ૧૧ કલાકે અમદાવાદ જઈ રહ્યાં હતા તે સમયે પ્રાંતિજ પોલીસ દ્વારા પાસ કન્વિનર સહિત કાર્યકરોની અટકાયત કરી હતી.

### તન દુરસ્તી ● ચોથા પાનાનું ચાલું

છે. પેપરટોમેટોગ્રાફીમાં એટલે કાર્ડ ટેસ્ટમાં ખાલી દર્દીનું સિરમ કાર્ડમાં નાંખવામાં આવે અને ૧૦ જ મિનિટમાં કાર્ડમાં પોઝેટીવ બેન્ડ એટલે કે કંટ્રોલ બેન્ડ અને દર્દીનો ટેસ્ટ બેન્ડ દેખાઈ જાય. આમ આ પદ્ધતિ સાચી જ છે, આ ખોટું છે એવું નથી. પણ આ પદ્ધતિ સરકાર માન્ય રાખતી નથી. સરકાર ફક્ત એલાઈઝા અને પી.સી.આર. પદ્ધતિને જ માન્ય રાખે છે. કારણ કે કાર્ડ ટેસ્ટમાં ઘણી વખતે ફોલ્સ પોઝેટીવ અથવા તો ફોલ્સ નેગેટીવ રીપોર્ટ થતાં હોય છે. જ્યારે એલાઈઝા ટેસ્ટમાં મોટે ભાગે રીપોર્ટ સાચો જ આવતો હોય છે. કે ભાઈ મોટેભાગે કેમ કહો છો ? કે એલાઈઝા એ એવી પદ્ધતિ છે કે જેની અંદર જો તમારો ટેકનેશિયન જે ટેસ્ટ મૂકતો હોય એ અનુભવી ન હોય અને આવડત ન હોય તો ઘણી વખતે એલાઈઝાનો રીપોર્ટ પણ ખોટો આવી શકે છે. જ્યારે કાર્ડ ટેસ્ટમાં કોઈ અનુભવની જરૂર નથી. ગમે તે માણસ દર્દીનું લોહી કાર્ડમાં નાંખે એટલે રીપોર્ટ આવી જાય. અને એટલે જ બહુ ઓછી લેબોરેટરીવાળા આ એલાઈઝા ટેસ્ટ કરતાં હોય છે. અને એલાઈઝામાં ઘણી વખતે ડેન્ગ્યુ અને ડેન્ગ્યુ જેવા વાઈરસનો પણ સમાવેશ થતો હોય છે કે જેનાથી નિદાન સચોટ થતું હોય છે. અને ફોલ્સ પોઝેટીવ અને ફોલ્સ નેગેટીવ રીપોર્ટ આવતા નથી. એનાથી વધારે સારી પી.સી.આર. છે. પી.સી.આર. આ પણ પદ્ધતિ ખૂબ જ સચોટ છે. તેનો ઉપયોગ ઓછો એટલા માટે થાય છે કે તે વધારે પ્રમાણમાં એ ટેસ્ટ કરાવવો મોંઘો છે અને વધારે પ્રમાણમાં ટાઈમ લાગે છે. અને બહુ જ ઓછા લોકો એટલે કે લેબોરેટરીવાળા પી.સી.આર.થી ડેન્ગ્યુનો ટેસ્ટ કરે છે. એટલે એલાઈઝા એક એવો રસ્તો છે કે જેનાથી લગભગ ૧૦૦ ટકા સાચું નિદાન ડેન્ગ્યુનું થાય છે અને સરકાર પણ એલાઈઝાથી થયેલા ડેન્ગ્યુના રીપોર્ટને દફતરે લે છે.

### હેલિકોપ્ટરો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે. આના ઉપર ૩૩૬૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે. પડોશી દેશો સાથે ચાલી રહેલી ખેંચતાણ અને ચીન દ્વારા સરહદ ઉપર વારંવાર દુઃસાહસ કરવાના નિર્ણય વચ્ચે આ ખરીદીને લીલીઝંડી આપવામાં આવી છે. આવી સ્થિતિમાં ભારતીય સેના અને નૌકાસેનાની તાકાતમાં અનેકગણો વધારો થશે. ચીની સૈનિકો હાલના વર્ષોમાં જુદા જુદા બહાના કરીને ભારતીય ક્ષેત્રમાં સરહદ ઉપર ઘુસણખોરી કરતા રહ્યા છે.

### અમરનાથના દર્શને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ છેલ્લા કેટલાક દિવસથી અમરનાથ યાત્રાને બંધ રાખવાની ફરજ પડી હતી. અમરનાથ યાત્રા પૂર્ણ થાય તેના ચાર દિવસ પહેલા યાત્રાને ત્રણ દિવસ માટે મોકૂફ કરવામાં આવી હતી. આવતીકાલે છડીમૂબારક સાધુઓના ગ્રુપ દ્વારા શ્રીનગરમાં દસનામી અખાડા ખાતે મેળવી લીધા બાદ આગળ વધશે. પંજતારીની ખાતે પહોંચ્યા બાદ હવે આવતીકાલે ગુફામાં પહોંચશે જ્યાં પૂજા બાદ યાત્રા પૂર્ણ જાહેર કરાશે.

### કેરળ પુરમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રોજેક્ટ પણ સામેલ છે. આ વર્ષે રાજ્યના બજેટનો આંકડો ૩૭૨૭૩ કરોડ સુધી રહી શકે છે. મોતનો આંકડો મે બાદથી ૪૧૭ સુધી પહોંચી ગયો છે. માર્ગ નેટવર્કને થયેલા નુકસાનનો આંકડો શરૂઆતી રીતે ૪૫૦૦ કરોડનો છે. જ્યારે પાવર સેકટરમાં થયેલા નુકસાનનો આંકડો ૭૫૦ કરોડ અને જળ વિભાગને થયેલા નુકસાનનો આંકડો ૯૦૦ કરોડનો છે. કોચી ઈન્ટરનેશનલ એરપોર્ટ બંધ રહેવાથી થયેલા નુકસાનનો અંદાજ હજુ મુકી શકાયો નથી. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. પુરગ્રસ્ત મોટી સંખ્યામાં લોકો પોતાના ઘરે પરત ફરી રહ્યા છે પરંતુ રાજ્યમાં હજુ પણ જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું છે. કેન્દ્ર સરકારે ખાતરી આપતા કહ્યું છે કે, પુરગ્રસ્ત કેરળને ૬૦૦ કરોડ રૂપિયા એડવાન્સ સહાય તરીકે અપાયા છે.

હજુ વધુ ફંડ આપવામાં આવશે. ૩૨૭૪ રાહત કેમ્પો હજુ પણ સક્રિય રહેલા છે.આંકડા દર્શાવે છે કે કેરળમાં જીડીપી ગ્રોથમાં એક ટકાથી પણ વધુનો ઘટાડો થઈ શકે છે. કેરળ પુરના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું છે. મુખ્યમંત્રી વિજયનનું કહેવું છે કે, ૬૦૦૦૦થી વધારે આવાસને નુકસાન થયું છે. ૬૦૦૦૦થી વધુ આવાસોમાં સાફસફાઈની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી ચુકી છે. પુરગ્રસ્ત કેરળમાં ૮.૬૯ લાખથી વધારે લોકો હજુ રાહત કેમ્પમાં છે. એરફોર્સના ૨૨ હેલિકોપ્ટર, નેવીની ૪૦ નૌકાઓ, કોસ્ટગાર્ડની ૩૫ હોડીઓ, બીએસએફની ચાર કંપનીઓ બચાવ અને રાહત કામગીરીમાં હજુ પણ લાગેલી છે. એનડીઆરએફની ૫૮ ટીમો લાગેલી છે. ભારે વરસાદ અને પુરના લીધે નુકસાનનો આંકડો ૨૦૦૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. ૪૦ હજાર હેક્ટરથી પણ વધારે જમીનમાં પાકને નુકસાન થયું છે. ૨૬૦૦૦ મકાનો નાશ પામ્યા છે. એક લાખ કિલોમીટરના માર્ગો નાશ પામ્યા છે. અર્થતંત્રની કમર તુટી ગઈ છે. ૧૩૪ પુલ પણ નુકસાન પામી ચુક્યા છે. બીજી બાજુ રાજ્યના મુખ્યપ્રધાન વિજયને કેન્દ્ર પાસેથી વધારે જંગી નાણાંની માંગ કરવામાં આવી છે. કેરળમાં તમામ લાઈન પર ટ્રેન સેવા શરૂ કરવામાં આવી રહી છે. રેલવે દ્વારા ખાસ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.પુરગ્રસ્ત કેરળ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ કરોડની સહાયની જાહેરાત કરી દીધી છે.૫૦૦ કરોડ પહેલા ૧૦૦ કરોડની સહાયતા ગૃહ મંત્રી રાજનાથસિંહ દ્વારા કરવામાં આવી ચુકી છે.

### રક્ષાબંધન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રક્ષાબંધનના પર્વની ઉજવણીને અનુલક્ષી નગરજનોમાં પણ ઉત્સાહ જોવા મળી રહયો છે. રક્ષાબંધનના આગળના દિવસે પણ રજા હોવાના લીધે નગરમાં મોડી સાંજ સુધી ધમધમાટ જોવા મળ્યો હતો. સેકટરોના બજારોમાં પણ સાંજના સમયે વિશેષ ચહલ પહલ જોવા મળી હતી. રાખીની ખરીદી માટે પણ બહેનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. બજારમાં અવનવી ડિઝાઈનની રાખીનો પણ ટ્રેન્ડ પણ દરવર્ષે અલગ અલગ જોવા મળે છે. આ વર્ષે રૂદ્રાક્ષ,ડાયમન્ડ , જર્દોશી , ફેન્સી મોટુ પતલુ, ડોરેમોન , બાળગણેશ સહીતની ડિઝાઈનની રાખીનુ વિશેષ વેચાણ થયુ છે.નગરમાં ફરસાણ તેમજ મીઠાઈની દુકાનો પર વિશેષ ભીડભાડ જોવા મળી હતી. જયારે રક્ષા બંધનને અનુલક્ષી ગીફટ આર્ટીકલની દુકાનો પર પણ યુવક યુવતિઓની ભીડ રહી હતી. નાળિયેરી પુનમના આ દિવસનુ ધાર્મિક રીતે પણ વિશેષ મહત્વ હોવાથી ભુદેવો આ દિવસે જ જનોઈ બદલવાનુ પવિત્ર કાર્ય પણ કરે છે. યજ્ઞોપવિતવિધિ પણ મંત્રોચ્ચાર સાથે યોજવામાં આવે છે. સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે સવારે ૯ :૩૦ કલાકે જનોઈ બલવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે. જેમાં ભુદેવો એકસાથે નવી જનોઈ ધારણ કરશે. પવિત્ર શ્રાવણ માસ પણ ચાલતો હોવાના લીધે રાખી પર્વ દરમિયાન ભોળાનાથની પુજા અર્ચના પણ વિશેષ થશે. રક્ષાબંધનનુ પર્વ રજાના દિવસે અલબત્ત રવિવારે હોવાથી નગરમાં આ પર્વની વિશિષ્ટ ઉજવણી થશે. નાળિયેરી પુનમના દિવસ તરીકે ઓળખાતા રક્ષાબંધનના પર્વ દરમિયાન નાવિકો તેમજ વહાણવટાઓ દરિયાની વિશેષ પુજા અર્ચના પણ કરે છે. નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીના જણાંવ્યા મુજબ સવારે ૬ : ૨૧ ના સુર્યોદય સમયથી સાંજે ૫ ૨૭ કલાક સુધી અલબત્ત આખો દિવસ રાખડી બાંધવા માટે શ્રેષ્ઠ સમય છે. આ વર્ષે વિષ્ટી નક્ષત્ર ન હોવાથી રાખડી બાંધવા માટે ઉત્તમ સમય છે.

### ખરીફ ઋતુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હેક્ટર, કપાસ ૨૩૯૮૪ હેક્ટર, દિવેલા ૧૩,૯૬૨ હેક્ટર, તલ ૫૭૭ હેક્ટર, મગફળી ૫૩૪૯ હેક્ટર, અડદ-૫૯૯ હેક્ટર, મઠ-૧૩૧ હેક્ટર, મગ ૨૨૦૧ હેક્ટર, તુવેર ૧૪૭ હેક્ટર, બાજરી ૨૩૩૪ હેટર અને ડાંગર પિયતનું વાવેતર ૮૭૯૪ હેક્ટરમાં થયું છે. જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં ૨૨૬૮૦ હેક્ટર, દહેગામ તાલુકામાં ૩૫,૫૭૯ હેક્ટર વિસ્તારમાં, કલોલ તાલુકામાં ૨૫,૭૨૧ હેક્ટરમાં અને માણસા તાલુકામાં ૨૨,૩૦૬ હેક્ટરમાં વાવેતર થવા પામ્યુ છે. દહેગામ, ગાંધીનગર, કલોલ અને માણસામાં અગાઉના ત્રણ વર્ષોની તુલનામાં થોડુક ઓછુ વાવેતર જરૂર થયુ છે. આ વખતે વરસાદની બદલાયેલી પેટર્ન પણ આ માટે જવાબદાર હોવાનું ખેડૂત અગ્રણીઓનું માનવુ છે.

### સ્ટેચ્યુ ઓફ યુનિટી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાની દિશામાં હાલ યુધ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. આ પ્રતિમા સાથે જ સરદાર સાહેબના એક અખંડ ભારતના સંકલ્પને સાકાર કરતું શ્રેષ્ઠ ભારત ભવન નિર્માણ પામવાનું છે. ઉલ્લેખનીય છે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણમાં ૧ લાખ ૪૦ હજાર ઘન મીટર કોનક્રિટના જથ્થો વપરાશે. મુખ્યમંત્રીએ આ સમગ્ર પરિસર વ્લર્ડ ક્લાસ બનવાનું છે, તેની ભૂમિકા આપતાં જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક પરિસરમાં સફાઈ, સિક્યુરિટી, કાફેટેરિયા, ફૂડ કોર્ટ સહિતની સુવિધાઓ પણ વૈશ્વિક સ્તરની વિકસાવવામાં આવશે. ૧૮૨ મીટર ઊંચાઈની આ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણમાં ૧ લાખ ૪૦ હજાર ઘન મીટર કોનક્રિટના જથ્થો વપરાશ કરવામાં આવશે. આ સિવાય ૧૮૫૦૦ મેં.ટન સ્ટીલ, ૭૦ હજાર મેં.ટન સિમેન્ટ અને ૨ હજાર મેં.ટન બ્રોન્ઝ વપરાશે. ઉલ્લેખનીય છે કે, ૨૨૦૦૦ ચો.મીટર જેટલો આ સ્ટેચ્યુનો સરફેસ વિસ્તાર છે. અંદાજે રૂ.૨૯૮૯ કરોડના ખર્ચે આ પ્રોજેકટ તૈયાર થશે. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ આ પરિસરની સાથે-સાથે બોટિંગ, વેલી ઓફ ફ્લાવર અને પ્રવાસન સુવિધાઓ વિકસાવવા અંગેની બાબતોમાં પણ વિચાર વિમર્શ કર્યો હતો અને તંત્રના અધિકારીઓને પ્રોજેકટના લોકાર્પણ સંબંધી તૈયારીઓને લઈ જરૂરી સૂચના અને નિર્દેશો પણ આપ્યા હતા.